# વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ કામગીરી

**ડે.કમિશ્નરશ્રી (જનરલ)**

- જંતુનાશક દવા ખરીદ કરવા અંગે ટેન્ડર બહાર પાડવાની મંજૂરી આપવી તથા આ અંગે અનુસાંગિક કાર્યવાહી જેવી કે જંતુનાશક દવા ખરીદ કરવા મંજુરી આપવી, પેમેન્ટની મંજુરી આપવી તથા એગ્રીમેન્ટ કરવા.

**ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) / આરોગ્ય અધિકારીશ્રી**

- નેશનલ ગાઈડ લાઈન મુજબ વેકટર બોર્ન ડીસીઝ કંટ્રલની કામગીરીનો અમલ કરાવવો તથા તેનું મોનીટરીંગ કરવું.

**ઈ.ચા. જંતુનાશક અધિકારી (સ્ટોર)**

- ઝોનમાથી જંતુનાશક દવાની ડિમાન્ડ મંગાવવી.
- આ ડિમાન્ડના આધારે જંતુનાશક ખરીદી કરવા અંગે ટેન્ડર તૈયાર કરવા તથા વર્તમાન પત્રોમાં નોટીસ આપવી.
- જંતુનાશક દવાના ભાવ મંજુર કરાવવા દરખાસ્ત બનાવવી.
- જરૂરીયાત મુજબ ડે.કમિશ્નરશ્રી (જનરલ)ની મંજુરીથી ઓર્ડર આપી ખરીદી કરવી.
- જંતુનાશક દવાના સેમ્પલ ટેસ્ટીંગ કરાવવા, ઝોનમાં દવાની ફાળવણી, પાર્ટીના પેમેન્ટ અંગેની કાર્યવાહી કરવી, સિકયોરીટી ડિપોઝીટ રિલીઝ કરવાની કાર્યવાહી વિગેરે.
- જંતુનાશક દવાઓના ખાલી ટીન બેરલ / ભંગાર વિગેરે સ્ક્રેપ કરી ટેન્ડરથી વેચાણ કરાવવું.
- ઉપરી અધિકારી તરફથી સોંપવામાં આવતી તમામ કામગીરી કરવાની રહેશે.

**ઈ.ચા. જંતુનાશક અધિકારી (વહીવટી)**

- ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) તથા આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ ઝોનમાં કરવામાં આવતી મચ્છરજન્ય રોગ નિયંત્રણની તમામ કામગીરીનું પ્લાનીંગ, મોનીટરીંગ અને સુપરવિઝન.
- એન્ટી ફલાય અને રોડન્ટ કંટ્રોલની કામગીરીનું પ્લાનીંગ, મોનીટરીંગ અને સુપરવિઝન.
- ફાઈલેરીયા નિયંત્રણ માટેની MDA કામગીરી.
- સરકારશ્રી તરફથી રાખવામાં આવતી મિટીંગો, વર્કશોપ, તથા શિબિરોમાં હાજરી આપવી તથા તેમની ગાઈડ લાઈન અનુસાર વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલની કામગીરીનો અમલ કરાવવો.
- ઉપરી અધિકારી તરફથી સોંપવામાં આવતી તમામ કામગીરી કરવાની રહેશે.

**આસી. જંતુનાશક અધિકારી**

- નાયબ આરોગ્ય અધિકારી અને જંતુનાશક અધિકારીના માર્ગદર્શન હેઠળ ઝોનમાં કરવામાં આવતી વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલની કામગીરી જેવી કે સર્વેલન્સ, એન્ટીલાર્વલ, એન્ટી એડલ્ટ, IEC વિગેરેનું સુપરવિઝન કરવું.
- સરકારશ્રી દ્વારા તૈયાર કરવામાં આવેલ ગાઈડલાઈન મુજબ ઝોનમાં તમામ કામગીરીનું અમલીકરણ કરવું.
- મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે ઝોનમાં આવેલ તમામ હેલ્થ સેન્ટરોના મેડીકલ ઓફીસરો તથા એન્જીનીયરીંગ સ્ટાફ સાથે કો–ઓર્ડીનેશન કરી મચ્છરજન્ય રોગો અંકુશમાં રહે તે રીતની અસરકારક કામગીરી કરાવવી.
- ઉપરી અધિકારી તરફથી સોંપવામાં આવતી તમામ કામગીરી કરવાની રહેશે.

**સેકશન ઓફિસર**

- વહીવટને લગતી તમામ કામગીરી કરાવવી.
- ઈ.ચા. જંતુનાશક અધિકારી દ્વારા મળતા સૂચનો / કામગીરીનો અમલ કરાવો.
- જંતુનાશક દવાના ભાવ મંજુર કરાવવા અંગેની દરખાસ્ત તૈયાર કરવી.
- મેહકમ / હાજરીપત્રકને લગતી કામગીરી કરાવવી.
- ઉપરી અધિકારી તરફથી સોંપવામાં આવતી તમામ કામગીરી કરવાની રહેશે.

**લેબોરેટરી ટેકનીશીયન**

- ઝોનમાથી આવેલ મેલેરિયા સ્લાઈડોનું સ્ટેનીંગ કરી પરિક્ષણ કરવું. તથા સમયસર પરિણામ આપવું.
- શંકાસ્પદ ડેંગ્યુ / ચિકુનગુનિયા કેસોના સેમ્પલ લઈ પરિક્ષણ માટે લેબોરેટરીમાં મોકલવા.
- ફાઈલેરીયાની સ્લાઈડનું પરિક્ષણ તથા તેને સંલગ્ન એન્ટોમોલોજીકલ વર્ક કરવું.
- ઉપરી અધિકારી તરફથી સોંપવામાં આવતી તમામ કામગીરી કરવાની રહેશે.

**કલાર્ક**

- કલેરીકલને લગતી તમામ કામગીરી કરવી.
- દરેક ઝોનમાંથી જંતુનાશક દવાની ડિમાન્ડ મંગાવી રજુ કરવી, ટેન્ડર બનાવવા.
- જંતુનાશક દવાના બીલ બનાવી પેમેન્ટની કાર્યવાહી કરવી.
- એગ્રીમેન્ટ તૈયાર કરાવવા.
- કોમ્પ્યૂટર પર MMS પ્રોગ્રામ એન્ટ્રી કરી જુદા જુદા પત્રકો તૈયાર કરવા.
- કોમ્પ્યુટર પર ખાતાને લગતી તમામ કામગીરી / રેકર્ડસ તૈયાર કરવા.
- ઉપરી અધિકારી તરફથી સોંપવામાં આવતી તમામ કામગીરી કરવાની રહેશે.

**સ્ટોર કીપર**

- જંતુનાશક દવા રિસીવડ કરવી તથા જુદા જુદા ઝોનોમાં જરૂરીયાત મુજબ વિતરણ કરવું.
- જંતુનાશક દવાના સેમ્પલો ટેસ્ટીંગ માટે મોકલવા.
- કોમ્પ્યૂટર પર સ્ટોર રિસીવડ વાઉચર (SRV) અને સ્ટોર ઈસ્યુ વાઉચર (SIV) તૈયાર કરવા.
- ઉપરી અધિકારી તરફથી સોંપવામાં આવતી તમામ કામગીરી કરવાની રહેશે.

**સેનેટરી ઈન્સ્પેકટર**

- આસી. જંતુનાશક અધિકારીના માર્ગદર્શન હેઠળ તેઓને સોંપેલ યુનિટમાં વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલની કમગીરીઓ જેવી કે સર્વેલન્સ, એન્ટીલાર્વલ, એન્ટીએડલ્ટ વિગેરે કામગીરી પરિણામ લક્ષી બનાવવી તથા તેનું સુપરવિઝન કરવું.
- ઝોનમાં કરવામાં આવતી તમામ કામગીરીનું રીપોર્ટીંગ આસી. જંતુનાશક અધિકારીને કરવું.
- તાબા હેઠળના કર્મચારીઓને જરૂરીયાત મુજબ કામગીરીની વહેંચણી કરવી.
- તાબા હેઠળના કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલ કામગીરનું ક્રોસ ચેકીંગ કરવું.
- સ્ટોક રજીસ્ટર તથા હાજરીપત્રક મેઈનટેઈન કરવું.
- ઉપરી અધિકારી તરફથી સોંપવામાં આવતી તમામ કામગીરી કરવાની રહેશે.

**સેનેટરી સબ ઈન્સ્પેકટર**

- સેનેટરી ઈન્સ્પેકટર અને આસી. જંતુનાશક અધિકારીના માર્ગદર્શન હેઠળ સલંપવામાં આવતી વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલની તમામ કામગીરીનું તેમને આપેલ વિસ્તારમાં સુપરવિઝન કરવું.
- કામગીરી પરિણામ લક્ષી બનાવવા તાબા હેઠળના કર્મચારીઓને માર્ગદર્શન આપવું તથા તેમની કામગીરીનું સુપરવિઝન કરવું.
- મેલેરિયા પોઝીટીવ કેસોને સમય મર્યાદામાં રેડિકલ ટ્રીટમેન્ટ આપવી તથા કોન્ટેક સ્મીયર / ફોલોઅપ સ્મીયર લેવા.
- પોઝીટીવ મળી આવેલ કેસોના ઘરની આજુબાજુ મચ્છરજનય રોગ નિયંત્રણ અંગેની તમામ કમગીરી સઘન રીતે કરાવવી.
- બ્રિડીંગ મળી આવેલ ઈસમો વિરુધ્ધ નોટીસ / દંડ / કોર્ટ કેસની કાર્યવાહી કરવી.
- ઉપરી અધિકારી તરફથી સોંપવામાં આવતી તમામ કામગીરી કરવાની રહેશે.

**પ્રાયમરી હેલ્થ વર્કર**

- સર્વેલન્સ, એન્ટી–લાર્વલ અને એન્ટી–એડલ્ટ જેવી તમામ કામગીરી કરવી.
- કરેલ કામગીરીનો રીપોર્ટ રોજે–રોજ ઉપરી અધિકારીને પહોંચતો કરવો.
- બેલદારોની એન્ટીલાર્વલની કામગીરીનું સુપરવિઝન કરવું.
- ઉપરી અધિકારી તરફથી સોંપવામાં આવતી તમામ કામગીરી કરવાની રહેશે.

**બેલદાર**

- એન્ટી–લાર્વલ કામગીરી હેઠળ જંતુનાશક દવાનો સ્પ્રે કરવો તથા ફોગીંગ કરવું.
- તેમને સોંપેલ વિસ્તારોમાં તમામ પાણીના ભરાવા કે જેનો નિકાલ થઈ શકે તેમ ન હોય ત્યાં જંતુનાશક દવાઓનો છંટકાવ કરવો.
- નિકાલ થઈ શકે તેવા પાણીના ભરાવાને નીક પાડી પાણીનો નિકાલ કરવો. મોટા જળાશયોમાં પોરા ભક્ષક માછલીઓ મુકવી.
- ઉપરી અધિકારી તરફથી સોંપવામાં આવતી તમામ કામગીરી કરવાની રહેશે.